## તંત્રી સ્થાનેથી......

પ્રગટ પ્રગટેશ્વર ધામ આછવણીના અધિષ્ટાતા ધર્માચાર્ય પૂ.પરભુદાદાના ૮૫માં જન્મ દિવસની ઉજવણી નાસિક જિલ્લાના ચાંદવડ તાલુકાના લાસલગાંવ ખાતે આનંદ અને ઉત્સાહથી કરવામાં આવી હતી. આ ઉજવણીનો શુભારંભ સવારે બ્રહ્મમુહૂર્તમાં એક કુંડી ધન્વંતરી યજ્ઞથી કરવામાં આવ્યો હતો. વહેલી સવારે શરૂ થયેલા ભગવાન ધનવંતરી યજ્ઞનું ભૂદેવઅનિલ જોષી અને કશ્યપભાઈ જાની દ્વારા ઉત્તમ મંત્રોચ્ચાર સાથે સમાપન કરવામાં આવ્યું હતું. ભગવાન ધન્વંતરિ દેવતા તેમના ગુરુને સારું સ્વાસ્થ્ય આપે તેવી પ્રાર્થના કરતી વખતે યજ્ઞના યજમાન અને સમગ્ર શિવ પરિવારના સ્વાસ્થ્ય માટે પણ પ્રાર્થના કરવામાં આવી હતી. સંત જનાર્દન સ્વામી આશ્રમના મહંત જનેશ્વર સ્વામી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૮૫ દીવા પ્રગટાવીને ૮૫માંજન્મદિવસની ઉજવણી કરવામાં આવીહતી. ગરીબ અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા અને પેનનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આઅવસરે ધર્માચાર્ય પરભુદાદાએ સૌનું જીવન સુખી, સમૃદ્ધિવાન, નિરોગી અને કલ્યાણકારી બને તેવા આશીર્વચન પાઠવતાં જણાવ્યું હતું કે, સદગુરૂના માર્ગદર્શનનું પાલન, ભક્તિ, સત્સંગ અને સત્કર્મ કરશો તો જીવન અવશ્ય પરિપૂર્ણ થશે. તેમણે જન્મદિવસ નિમિત્તે કલ્પનાતીત કાર્યક્રમ કરવા બદલ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વિનોદભાઈ પટેલ(મામા)એ શિવ પરિવાર દ્વારા અન્નદાન, શૈક્ષણિક, સામાજિક, પર્યાવરણીય, સાધુ સંત, ગરીબ, અપંગ, અનાથ વગેરે દ્વારા ચાલુ આધ્યાત્મિક કાર્ય. જરૂરી ચીજવસ્તુઓ, વાસણો, કપડાં, શૈક્ષણિક સામગ્રીના વિતરણ અંગેની માહિતી આપી હતી. અમરનાથ મહાદેવ (લાસલગાંવ) નો અભિષેક આરતી કરી ત્યાંથીઅને ત્યાંથી બગીઓ, ડીજે અને બેન્ડ સાથે આતશબાજીસાથે ભવ્ય શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. સ્થાનિક નાગરિકોએ દ્વિ-માર્ગી શોભાયાત્રા જોવા અને તેમના ગુરુના દર્શન કરવા લાસલગાંવના મુખ્ય માર્ગ પર ભીડ જમાવી હતી. ત્યાર બાદ સ્વામી રિસોર્ટ મંગલ કાર્યાલય ખાતે વૈજાપુરના ફટાકડા અને દિપપ્રાગટયકારોએ આકર્ષક ફટાકડાનું પ્રદર્શન રજૂ કર્યું હતું. ઓટોમેટિક ડેકોરેટિવ ખુલ્લા વાહનમાં ફૂલોની વર્ષા સાથે ભવ્ય મંચ પર બિરાજ્યા પછી, યોગેશ ખાંદવે અને યોગીતા ખાંદવેએ સ્વાગત કર્યું હતું, રોહિણી ઠાકરે મધુર સ્વાગત ગીત રજૂ કર્યું હતું. ઓફિસ ડાયરેકટર રવિન્દ્ર હોલકર તેમના પરિવાર અને બિપીનભાઈ પરમારના શુભ હસ્તે દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મંગળા ઠાકરની આગેવાની હેઠળ સામુદાયિક સદગુરુ આરતી, સીતાબેન અને ગુજરાત મહિલા શિવભક્તોએ ખાસ વેશભૂષામાં બારા જ્યોતિર્લિંગ આરતી અને મંગેશ શિંદેના યુવા સંચાલક દ્વારા શ્રી શનૈશ્વર આરતી કરી વાતાવરણને ભક્તિમય બનાવ્યું હતું.

# ગુજરાતમાં સિકલ સેલ એનેમિયા નિયંત્રણ કાર્યક્રમ હેઠળ ૧ કરોડથી વધુ લોકોનું સ્ક્રીનિંગ

## વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ એનેમિયાને ખતમ કરવાનું લક્ષ્ય

**છેલ્લા ૩૦ વર્ષથી ગુજરાતના તાપી જિલ્લામાં ધનવંતરી ક્લિનિક આયુર્વેદિક હેલ્થ કેર એન્ડ રિસર્ચ સેન્ટરના ડોક્ટર અતુલ દેસાઈ સિકલ સેલ પર દક્ષિણ ગુજરાત અને સમગ્ર ઇન્ડિયામાં કામ કરી રહ્યા છે અને તેઓ દ્વારા નિર્મિત ટી આઈ યુ એચ એમ પ્રીમિયમ સીબીસીકલ રક્તકણ પર અસર કરતી દવા છે જેના ખૂબ સારા પરિણામો દેશ-વિદેશમાં પણ જોવા મળી રહ્યા છે તો સરકાર આ સંદર્ભમાં ધ્યાન કરી અને ગુજરાત રાજ્યના સિકલ સેલના દર્દીઓ દર્દીઓને પણ આ દવા પહોંચાડે તો ઘણું સારું હાલ અંદાજે ૧૦ થી ૧૨૦૦૦ દર્દીઓ આ સારવાર હેઠળ છે અને ખૂબ સારી જિંદગી પ્રાપ્ત કરી રહ્યા છે.**




ગાંધીનગર,

સિકલ સેલ એનેમિયા એ એક આનુવંશિક રકત વિકૃતિ (જિનેટિકબ્લડ ડિસઓર્ડર) છે, જે મુખ્યત્વે આદિવાસી સમુદાયના લોકોને અસર કરે છે. સમગ્ર વિશ્વમાં આ બીમારી પ્રત્યે જાગૃતિ વધારવાના ઉદ્દેશથી ૧૯ જૂનના રોજ 'વિશ્વ સિકલ સેલ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં સિકલસેલ એનેમિયાનો રોગ મુખ્યત્વે અંબાજીથી લઈને ઉમરગામ સુધીના પટ્ટામાં વસતા આદિજાતિ સમુદાયના લોકોમાં જોવા મળે છે, જેમાં અરવલ્લી, બનાસકાંઠા, સાબરકાંઠા, ભરૂચ, છોટા ઉદેપુર, દાહોદ, મહીસાગર, પંચમહાલ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડ એમ ૧૪ જિલ્લાઓનો સમાવેશ થાય છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વર્ષ ૨૦૦૬માં રાજ્યમાં સિકલ સેલ એનેમિયાના દર્દીઓની સંખ્યામાં ઘટાડો કરવા અને આ રોગ પર નિયંત્રણ માટે 'સિકલ સેલ એનેમિયા નિયંત્રણ' કાર્યક્રમની શરૂઆત કરવામાંઆવી હતી. આ કાર્યક્રમ શરૂ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય હતું. આકાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૧ કરોડથી વધુ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા પાંચ વર્ષોમાં જ આ કાર્યક્રમ હેઠળ કુલ ૧૭,૬૯,૮૬૩ લોકોનું સ્ક્રીનિંગ કરવામાંઆવ્યું છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૯-૧૦માં તત્કાલીન કેન્દ્ર સરકારે ગુજરાતનાસિકલ સેલ એનેમિયા નિયંત્રણ કાર્યક્રમને પુરસ્કૃત કર્યોહતો.

**સિકલ સેલ એનેમિયાના નિયંત્રણ માટે રાજ્ય સરકારે ઉઠાવેલા પગલાંઓ**

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ના નેતૃત્વમાં, રાજ્ય સરકારે ખાસ કરીને આદિજાતિવિસ્તારોમાં જોવા મળતા આ રોગની નાબૂદી પર ખાસ ધ્યાન આપ્યું છે. સરકારે આ રોગ અંગેના જાગૃતિ અભિયાનને વેગ આપવાનીસાથે જ તેના નિદાન અને સારવારની વ્યવસ્થા તેમજ દવાઓની ઉપલબ્ધતા પર ભાર મૂક્યો છે. રાજ્ય સરકારે સામૂહિક સ્ક્રીનિંગ કાર્યક્રમનુંઆયોજન કરવા ઉપરાંત, લગ્ન પહેલા જિનેટિક કાઉન્સેલિંગ અને ટેસ્ટિંગ પર પણ ભાર મૂક્યો છે. સાથે જ, રાજ્ય સરકારે આ રોગ માટે મોટા પાયે જાગૃતિ અભિયાનઅને કોમ્યુનિટી આઉટરીચ પ્રોગ્રામ્સનું પણ આયોજન કર્યું છે. એટલુંજ નહીં, પરંતુ સિકલ સેલ કાઉન્સેલર દ્વારા આદિજાતિ જિલ્લાઓમાં રહેતા લોકોમાંઆ રોગનું નિદાન કરવામાં આવે છે, જેથી આવનારી પેઢીમાં આ વારસાગત રોગને ફેલાતો અટકાવી શકાય. આ માટે, પ્રાથમિક તપાસ તરીકે લાભાર્થીનો ડીટીટી ટેસ્ટ (ટર્બિડિટી ટેસ્ટ) કરવામાં આવેછે, અને ત્યારબાદ સચોટ નિદાનમાટે હાઈ પર્ફોર્મન્સ લિક્વિડ ક્રોમેટોગ્રાફી (ઉઁન્ઞ) ટેસ્ટ કરવામાં આવે છે. રાજ્ય સરકારે દક્ષિણ ગુજરાતના વલસાડ અને ડાંગ જિલ્લામાં સિકલ સેલને સમર્પિત ડે કેર સેન્ટર પણ ખોલ્યા છે. રાજ્ય સરકાર દ્વારા સિકલ સેલના દર્દીઓને વિકલાંગતાનું પ્રમાણપત્રપણ આપવામાંઆવે છે, જેથી તેઓ સામાજિક સુરક્ષા યોજનાઓનો લાભ મેળવી શકે. જરૂરી દવાઓ અને સારવાર સુવિધાઓ સુનિશ્ચિત કરવા ઉપરાંત, વર્ષ ૨૦૨૪-૨૫થી રાજ્ય સરકાર દ્વારા ?૬ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારનાદર્દીઓને દરમહિને જે ?૫૦૦ની આર્થિક સહાયતા આપવામાં આવતી હતી, તેને હવે વધારીને ?૨૫૦૦ કરવામાં આવી છે.

**વડપ્રધાનનું ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ એનેમિયાને ખતમ કરવાનું લક્ષ્ય**

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧ જૂલાઈ, ૨૦૨૩નારોજ મધ્યપ્રદેશના શહડોલ જિલ્લાથી રાષ્ટ્રીય સિકલ સેલ એનેમિયા નાબૂદી મિશન ૨૦૪૭નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે સરકાર વર્ષ ૨૦૪૭માંભારતના અમૃતકાળનો ઉત્સવ ઉજવતા પહેલા આ બીમારીને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે. આમિશનનો લક્ષ્યાંક ગુજરાત સહિત સમગ્ર દેશના ૧૭ ઉચ્ચ જોખમવાળા રાજ્યોમાં ૦-૪૦ વર્ષની વયજૂથના લગભગ ૭ કરોડ લોકોનું સ્ક્રીનીંગકરવાનો છે. સરકાર આ રોગની સારવાર પણ ઉપલબ્ધકરાવશે.

**જાણો, શું છે સિકલ સેલ એનેમિયા**

સિકલ સેલ એનેમિયા એ રક્ત સંબંધિત આનુવંશિક વિકાર છે. સામાન્ય રીતે લાલ રકતકણો ગોળાકાર અને લચીલા હોય છે, પરંતુઆ રોગમાંલાલ રક્તકણોનો આકાર બદલાઈને અંગ્રેજી અક્ષર 'સી' (સિકલ) જેવો થઈ જાય છે અને આ રકતકણોએકબીજા સાથે ચોંટી જાય છે, જેનાકારણે લોહીનો પ્રવાહ અને ઓક્સિજન શરીરના તમામ અંગો સુધી યોગ્ય રીતે પહોંચતા નથી. પરિણામે, સિકલ સેલ એનેમિયાના દર્દીઓને ઘણા પ્રકારની આરોગ્ય સંબંધિત મુશ્કેલીઓનોસામનો કરવોપડે છે.

**સિકલ સેલ એનેમિયાના લક્ષણો**

શરીર નબળું થઈજવું, સતત તાવ આવવોઅને કમળોથઇ જવો, સાંધા અને હાડકાંઓમાં સોજો, પેટમાં દુ:ખાવો, સગર્ભા મહિલાઓમાં કસુવાવડ થવાની શક્યતાઓ અને ચેપી રોગો ખાસ કરીને ફેફસાંના રોગોનો સરળતાથી શિકાર થઈ જવું, વગેરે સિકલ સેલ એનેમિયારોગના મુખ્ય લક્ષણો છે.

**સિકલ સેલ એનેમિયાના દર્દીઓએ રાખવાની સાવચેતીઓ**

સિકલ સેલ એનેમિયાના દર્દીઓએ નિયમિત રીતે હોસ્પિટલમાં ડોક્ટર પાસે તપાસ કરાવવી જોઈએ. આ ઉપરાંત, દર્દીઓએ દિવસમાંઓછામાં ઓછું ૧૦-૧૫ગ્લાસ પાણીપીવું જોઈએ, પૂરતો આરામ કરવો જોઈએ, તણાવમુક્ત રહેવું જોઈએ, દારૂ અથવા અન્ય નશીલા પદાર્થોનું સેવન ટાળવું જોઈએ, ધૂમ્રપાનથી બચવું જોઈએ, વધુ ઊંચાઈ વાળા સ્થળોએ નજવું જોઈએ, વધુપડતી ઠંડીથી બચવું જોઈએ, વધુ શારીરિક શ્રમ ટાળવો જોઈએ અને આકરા તાપમાંબહાર ન નીકળવું જોઈએ. સિકલ સેલ એનેમિયાના રોગને લઈને લોકોમાં જાગૃતિ લાવવાની જરૂર છે. સિકલ સેલ એક વારસાગત રોગ હોવાને કારણે તે માતા-પિતાથી તેમના સંતાનો સુધી પહોંચે છે, એટલે જો લગ્ન પહેલા યુવક-યુવતી સિકલ સેલની તપાસ કરાવી લે તો આ રોગને ફેલાતો અટકાવવો શક્ય છે. સરકાર પણ આ રોગની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તપાસ અને જાગૃતિની વ્યૂહરચના સાથે સિકલ સેલને નાબૂદ કરવાનોપ્રયાસ કરીરહીછે.

વ્યારાના ડો અતુલભાઈ દેસાઈ ઘણા વર્ષોથી આ રોગના દર્દીઓની સેવા કરે છે, ધનવંતરી ચેરીટેબલ ટ્રસ્ટ તથાધનવાન તરીકે ક્લિનિક ના નામથી ડોકટર અતુલભાઈ દેસાઈ વ્યારામાં સિકલ સેલના દર્દીઓને સારવાર આપી રહ્યા છે.

# ૩૨ કરોડના ખર્ચે બનેલા ફ્લાય ઓવર ગાંધીધામ - આદિપુર (ટાગોર) રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું

## ફ્લાયઓવરના કારણે આદિપુર - ગાંધીધામ શહેરનો તેમજ દિનદયાળ પોર્ટ તરફની ટ્રાફિક સમસ્યા હળવી થશે - ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરી



કમલમ્ ન્યુઝ,ભુજ,

ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરીના હસ્તે ફ્લાયઓવર ગાંધીધામ- આદિપુર( ટાગોર) રોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.ઓસ્લો સર્કલપાસે આયોજિત કાર્યક્રમમાં કન્સ્ટ્રક્શન ઓફ ફ્લાય ઓવર બ્રિજ ઓન ગાંધીધામ- આદિપુર(ટાગોર) રોડનું લોકાર્પણ કરતાં ધારાસભ્ય શ્રી માલતીબેન મહેશ્વરીએ જણાવ્યું હતુંકે, ગુજરાત સરકાર દ્વારા રૂપિયા ૩૨ કરોડના ખર્ચે આ ફ્લાય ઓવરનું નિર્માણ કરીનેલોકોને ભેટ આપવામાંઆવી છે ત્યારે આ કામગીરી વિકાસની ગતિને આગળ લઈ જશે. તેમણે ઉમેર્યું હતું કે વધતા જતા વાહન વ્યવહાર વચ્ચે આ ફ્લાય ઓવર બ્રિજ બનાવવાથી આદિપુર-ગાંધીધામ શહેરનો તેમજ દિનદયાળ પોર્ટ તરફની ટ્રાફિક સમસ્યા હળવી થશે. આ પ્રસંગે તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ગાંધીધામના વિકાસ માટે સવા કરોડની ગ્રાન્ટથીઆ બ્રિજ નીચે શ્રી બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા સાથે અન્ય ભાગનું બ્યુટીફિકેશન કરવામાં આવશે. તેમણે આ પ્રસંગે ગાંધીધામ શહેરમાં કરોડોના ખર્ચે થતા ડ્રેનેજ લાઈન, નલ સે જલ યોજના, દરેક વોર્ડમાં થતા પેવર બ્લોકના વિકાસ કામો અને આગામી સમયમાં ૩૦૦ કરોડથી વધુના ખર્ચે અંડરગ્રાઉન્ડ વીજ લાઈનની વિકાસ કામગીરી અંગે છણાવટ કરી હતી. આ અંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી જનકસિંહ જાડેજાએ જણાવ્યુંહતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના નેતૃત્વમાંકેન્દ્ર સરકારઅને રાજ્ય સરકાર છેવાડાના માનવીના વિકાસ માટે કટીબધ્ધ છે ત્યારે નિર્માણ પામેલા ફ્લાય ઓવર બ્રિજના કારણે ટ્રાફિક સમસ્યા હળવી થશે તેમજ સમય અને ઈંધણનોબચાવથતાલોકોને ફાયદો થશે. આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ તેજસભાઈ શેઠ , તાલુકા પંચાયત પ્રમુખ શાંતીબેન બાબરીયા, જિલ્લાપંચાયત સદસ્યો શ્રી તાલુકા પંચાયત સદસ્યો શ્રી તેમજ અગ્રણીશ્રીઓ ધવલભાઈ આચાર્ય,પંકજભાઈ ઠક્કર, બાબુભાઈ ગુજરીયાસહિતના પદ અધિકારીશ્રીઓ તેમજ સંબંધીત વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# નાયબ મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલના હસ્તે પિંપરી પ્રાથમિક શાળાના ઓરડાનું ખાતમુહર્ત કરાયું







કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે પિંપરી પ્રાથમિક શાળાના ભવનનું ખાતમુહર્ત કરવામાં આવ્યું હતું. અહીં શાળાના ૮ ઓરડાઓ કે જે અંદાજીત રૂ. ૧.૫ કરોડના ખર્ચે તૈયાર થનાર છે, જેનું ધારાસભ્યશ્રીએ ખાતમુહર્ત કર્યું હતું. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રીજીગ્નેશ ત્રિવેદી તરફથી મળેલી વિગતો અનુસાર, આહવા તાલુકાની પિંપરી પ્રાથમિક શાળા ખાતે કુલ આઠ જેટલા ઓરડાની ઘટ પ્રવર્તે છે. આ ઓરડાના બાંધકામ બાબતે સને ૨૦૨૦/૨૧ માં 'નાબાર્ડ યોજના' અંતર્ગત સમગ્ર શિક્ષા-ગાંધીનગર દ્વારા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવીહતી. પરંતુ કોઈ એજન્સીએ ટેન્ડર ભરેલ ન હોઇ, બાંધકામ પ્રક્રિયામાંવિલંબ થવાપામ્યો હતો. આ ઓરડાને લઈને પિંપરીના ગ્રામજનોએ ગત તા.૩/૬/૨૦૨૪ ના રોજ રૂબરૂમાં લેખિત અરજી પણ સબંધિત વિભાગને આપી હતી. જે ખાસ કિસ્સાતરીકે મંજૂરી અર્થે ગાંધીનગર મોકલવામાં આવી હતી. સબબ, શાળા કાર્યના પ્રથમ દિવસે ગ્રામજનોએ દેખાવ કરતાં, શાળાકાર્યની અગત્યતાજોતા, ડાંગ કલેકટર શ્રી મહેશ પટેલે સબંધિત અધિકારીઓનેહકારાત્મક નિકાલ માટેની સૂચના આપી હતી. જ્યારે ઘટનાની જાણ થતાં મુખ્ય દંડક શ્રી વિજયભાઈ પટેલેપણ, ગ્રામજનો સાથે સંવાદ સાધી, ઓરડા બાંધકામ બાબતેહકારાત્મક ઉકેલ લાવવાની ખાતરી આપી હતી. જે બાદ તારીખ ૧૭ જૂનનાં રોજ શ્રી વિજયભાઈ પટેલે સ્થાનિક આગેવાનો સાથે શાળાના મકાનનું ખાતમુહર્ત કરતાં ગ્રામજનોમાં આંનદની લાગણી છવાઈ હતી. નવી શિક્ષણ નીતિ સાથે સ્માર્ટ ઈન્ફાસ્ટ્રકચર વિદ્યાર્થીઓને નવી દિશા અને ઉજ્જવળ ભવિષ્યના નિર્માણમાં મદદરૂપ થશે, તેમ શ્રી વિજયભાઈ પટેલે આ પ્રસંગે જણાવીસરકારનોઆભાર વ્યક્ત કર્યોહતો.

# આસરા કેન્દ્ર, ખેડા-નડિયાદ દ્વારા દિવ્યાંગજનો અને સિનિયર સિટીઝનોને સાધન સહાય વિતરણ કરવામાં આવી







કમલમ્ ન્યુઝ,

ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણની મુખ્ય ઉપસ્થિતિમાં ભારત સરકારનાસામાજિક ન્યાય અને અધિકારીતામંત્રાલય અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ (ALIMCO) ના અધિકૃત વેચાણ અને સેવા કેન્દ્ર (આસરા) નડિયાદ દ્વારા તા. ૧૬ અને ૧૭ જૂન ૨૦૨૪નારોજ દિવ્યાંગજનો અને સિનિયર સિટીઝન માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાંઆવ્યું. આસાધન સહાય વિતરણ કાર્યક્રમમાંખેડાજિલ્લાના કુલ ૪૫૨ જેટલા દિવ્યાંગજનો વિવિધપ્રકારનાકુલ ૭૭૬ સાધનો અને ૫૮ જેટલા સિનિયર સિટીઝનોને ૨૭૮ સાધનોવિતરણ કરવામાં આવ્યું. સાધન સહાય ભારત સરકારના એ.ડી.આઈ.પી અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વિતરણ કરવામાં આવ્યું. આસરા કેંદ્રના ડાયરેક્ટર ડો.ચંદ્રગોપાલનાજણાવ્યા અનુસાર આ કેમ્પમાં કુલ ૧.૪ કરોડની કિંમતના વિવિધ સાધન સહાયનું વિતરણ કરવામાં આવેલ છે જેમાં કુલ ૧૭૨ દિવ્યાંગજનોને બેટરી સંચાલિત મોટરાઈઝટ્રાય સાયકલ, ૧૪૬ ટ્રાયસાયકલ, ૪૭ વ્હીલ ચેર, ૨૧૬ બગલ ઘોડી, ૫૪ વોકીંગ સ્ટીક, ૪સી.પી.ચેયર, ૪૨ શ્રવણયંત્રઅને ૧૯ અંધજનો માટે સુગમ્ય કેનવિગેરે જુદીજુદી સાધન સહાય આપવામાં આવેલ. સાથે સાથે ૬૦ વર્ષથી વધુ ઉંમરના સીનીયર સીટીઝનોને ઘુટણ ના પટ્ટા, કમરના બેલ્ટ, વોકીંગ સ્ટીક, વોકર, કાનનું મશીન, કમોડ ચેર, વગેરેજેવા અત્યંતઉપયોગી સાધનો નીઃશુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. આસરા કેંદ્રના કોર્ડીનેટર શ્રી રાકેશ ચાવડાએજણાવ્યું કેઆ બધા સાધનોજરૂરિયતમંદ લાભાર્થીઓને આસરાકેંદ્ર પર રજિસ્ટ્રેશન કરાયા પછીડોકટરી તપાસબાદ નીઃશુલ્ક મળે છે. આ બધા લાભાર્થીઓને અગાઉ ફેબ્રુઆરી મહિનામાં રજિસ્ટ્રેશન અને ડોક્ટરીતપાસથઈ ગયા હતા તેનું વિતરણ કાર્યક્રમ યોજાયા છે. અને નવા લાભાર્થીઓને પણ રજિસ્ટ્રેશન સતત ચાલુ છે અને ડોક્ટરી તપાસ બાદ દર મહિને આપ્રકારના કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં માતર વિધાનસભાના ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, અલિમ્કો ઉજ્જૈન તરફ થી આવેલ જુનિયર મેનેજર શ્રી ધર્મેન્દ્ર યાદવ, પુનર્વાસ વિશેષગ્ય ડો. ચંદન ચંદ્રા, ઓડિયોલોજિસ્ટ ડો. ધીરજ કુમાર અને આસરા કેન્દ્ર નડિયાદના ડાયરેક્ટર ડો. ચંદ્ર ગોપાલ ઉપસ્થિત રહ્યાં.

# અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી પ્રશસ્તિ પરિક ના અધ્યક્ષસ્થાને મિશન શકિત યોજનાની બેઠક યોજાઈ



કમલમ્ ન્યુઝ,અરવલ્લી

અરવલ્લી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે તા. જિલ્લા કલેક્ટર શ્રી પ્રશસ્તિ પરીકનાઅધ્યક્ષ સ્થાને મિશનશક્તિ યોજનાનીજિલ્લા કક્ષાની દેખરેખ અને મૂલ્યાંકનસમિતિની બેઠકયોજાઈ. જેમાંમિશન શક્તિ યોજના અંતર્ગતસખી વન સ્ટોપ સેન્ટર, બેટી બચાવો બેટીપઢાવો, ૧૮૧ અભય મહિલાહેલ્પલાઇન, સખી નિવાસ,કેચ ફેસિલિટી, ડીસ્ટ્રીક હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન યોજનાઓની કામગીરીની સમીક્ષા તેમજ આગામીનાણાંકીય વર્ષના એક્શન પ્લાનની ચર્ચા પણ કરવામાંઆવી. અત્રે ઉલ્લેખનીય છે કે,ભારત સરકાર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત તથા મુશ્કેલ પરિસ્થિતિમાં હોય તેવી મહિલાઓનેતાત્કાલિક કાળજી સમર્થન અને સહાયપૂરી પાડવાતેમજ તેમનાપુનર્વસન, કાયદાકીય જોગવાઈઓ વિશે જાગૃત કરવા તાલીમ આપી ક્ષમતાવર્ધન કરવાહેતુમિશન શક્તિયોજના અમલમાં છે. આ બેઠકમાં જિલ્લા વિકાસઅધિકારીશ્રી દીપેન કેડિયા, જિલ્લા પોલીસવડા શેફાલીબરવાલ, મહિલા અને બાળ અધિકારીશ્રી હસીના મન્સૂરી સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ ઉપસ્થીત રહ્યા હતા.

